Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક : ૮૪
સને : ૧૯૮૬-૮૭
સંવત : ૨૦૪૩

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

卐 卐
卐
卐 卐



卐 卐
卐
卐 卐

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

આત્મ સંવત ૯૨ કાર્તિક પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ નવેમ્બર
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૬ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | — | ૧ |
| (૨) | નૂતન વર્ષનો સંકલ્પ | પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર્ય | ૫ |
| (૩) | ધર્મ સ્વાતંત્ર્યની ઝલક | પં. શ્રી શીલચંદ્રવિજયજી | ૭ |
| (૪) | સમર્પણ | રક્તતેજ | ૧૧ |
| (૫) | માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી | — | ૧૪ |



## લેખક મહાશયોને વિનંતી

જૈન સાહિત્ય, દર્શન, ઇતિહાસ સંબંધી કાવ્યો, વાર્તાઓ, નિબંધો તથા સંશોધન લેખો તા. ૩૦મી સુધીમાં મોકલી આપવા વિનંતી.

## સંસ્થાઓ તેમજ સમાજ સેવકોને વિનંતિ :—

જૈન ધર્મના ઉત્સવો, ધાર્મિક કાર્યો, અનુમોદનીય તપસ્યા, સમાજસેવાના કાર્યો, જેવા કે, ઉદ્‌ઘાટન, પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે સંબંધી સમાચારો તેમજ પુસ્તક વિમોચન તથા પ્રેરક ઘટના અંગેના સમાચાર ટૂંકમાં મોકલી ઉપકૃત કરશો.

સમાલોચના અર્થે નવા પ્રકાશિત પુસ્તકોની બે નકલ મોકલવી, જેની સાભાર સ્વીકારમાં નોંધ તાત્કાલિક લેવાશે, અને અવલોકન અનુકૂળતાએ લેવાશે.

—તંત્રી

અનન્ત કાળની ભવશૃંખલાને તોડીને ફેંકી દેનારૂં સમ્યક્ દર્શન સાચેજ અદ્‌ભુત છે. તે અસીમ પુણ્યલક્ષ્મીથી પ્રકાશમાન ભવ્ય માનવ છે કે જેનો આત્મા સમ્યક્‌દર્શનથી ઝગમગી રહ્યો છે, જે જીવ-અજીવ, બંધ-મુક્તિનો યથાર્થ જ્ઞાતા છે, જેમણે દેવ-ગુરુ અને ધર્મનો નિર્ણય કરી લીધો છે, તેઓ ધન્ય છે.

**અને**

તેઓ ઘોર પુણ્યહીન છે કે જેમને સમ્યક્‌દર્શન ઉપલબ્ધ નથી. અથવા જે પરમ્પરાથી અથવા સદ્‌ગુરુના યોગથી સમ્યકત્વ રત્ન મેળવીને પણ તુચ્છ ઇન્દ્રય-વિષયોના વિકારોની પાછળ આર્થિક પ્રલોભનની પાછળ, નાટકીય આડમ્બરોની પાછળ તે સમ્યકત્વ રત્નને ગુમાવી રહ્યા છે.

'શ્રમણ' જાન્યુ. ૮૫
માંથી સાભાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૨ કારતક : નવેમ્બર-૧૯૮૬ ● [ અંક : ૧

## નૂતન વર્ષના મંગલ પ્રભાતે

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ૮૩ વર્ષો પૂરાં કરીને ૮૪ના વર્ષમાં પ્રવેશ કરે છે. આપણા બધા માટે ખૂબજ ગૌરવનો વિષય છે. જેનું પ્રકાશન નિયમિત રીતે પ્રગટ થાય છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું, સદ્ જીવન અર્થે અમૃતપાન કરાવતું. આત્મ વિકાસ માટે એક પછી એક સોપાન સર કરવામાં સહાયરૂપ બનતું, સુકૃત્યોને અનુમોદનાના પુષ્પોથી વધાવતું, જ્ઞાન-આરાધના માટે સર્વોત્તમ તક આપતું, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે ધપી રહ્યું છે. "ઉચ્ચતમ જીવન અને જીવન સાર્થકતા સાંપડો" તેવા શુભ આશિષની લ્હાણુ વાચક વર્ગને અર્પે છે.

માસિકમાં વિદ્વાન પૂ. ગુરૂ ભગવતના લેખો, વિદ્વાન પુરુષોના લેખો, મહા પુરુષોના ચરિત્રો, જૈન શાસનના જ્ઞાનરૂપ અમૂલ્ય ખજાનાઓ રજુ કરીને વાંચન રસાસ્વાદને તૃપ્ત કરવાનો યથા શક્તિ ફાળો આપીએ છીએ. અજ્ઞાનનો અંધકાર દૂર કરી પ્રકાશ ફેલાવી યથાશક્તિ ફાળો આપીએ છીએ. પૂર્વાચાર્યોના સિદ્ધહસ્તે લખાયેલ સ્તવનો, સંસ્કૃત શ્લોકો, ભક્તિ સભર કાવ્યો, જૈનધર્મના તત્વજ્ઞાનના લેખો, કર્મ અને ભક્તિ ઉપરના લેખો, જૈન ઇતિહાસના લેખો વગેરે માસિકમાં રજુ કરીને યથાશક્તિ જૈન શાસનની સેવા કરીએ છીએ. માસિકમાં તપસ્વી ભાઈ-બહેનોના તપ, અનુષ્ઠાનોનું વર્ણન, દાન પ્રવાહના ઝરણાં આપીને અનુમોદના કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે. પ. પૂ. ભગવંતોને, પૂ, સાધ્વીજી મહારાજોને, વિદ્વાન લેખકોને, ભક્તિ સભર કાવ્યો, જૈન ધર્મના આચાર વિચાર ઉપરના નૂતન શૈલીમાં લખાતા લેખો, જૈન ધર્મના તત્ત્વજ્ઞાન, કર્મ અને ભક્તિ ઉપરના લેખો, જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધન ઉપરના લેખો મોકલી આપવાની નમ્ર વિનંતી કરવામાં આવે છે.

## પુસ્તક પ્રકાશન :—

આ સંસ્થાનું મહત્ત્વનું કાર્ય જૂના સંસ્કૃત કે માગધી ભાષામાં લખાયેલ પુસ્તકોનું ભાષાંતર કરાવી છપાવી જૈન જનતા સમક્ષ મૂકવું તે છે. તેના ફળશ્રુતિરૂપ, આચાર્યદેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મહારાજ વિરચિત પ્રાકૃત-ભાષા નિબંધનો ગુજરાતી અનુવાદ કરીને, શ્રી સુમતિનાથ જિનેશ્વર ચરિત્ર ભાગ-૧ અને શ્રી સુમતિનાથ જિનેશ્વર ચરિત્ર ભાગ-૨ પ્રગટ કરેલ છે. (શ્રી હેમચન્દ્રાચાર્ય કૃતમ્ પ્રાકૃત વ્યાકરણમ્) પણ પ્રગટ કરેલ છે. સંવત ૨૦૩૬ થી સંવત ૨૦૪૨ની સાલ દરમ્યાન નીચેના પુસ્તકો પ્રગટ કરેલ છે.

| | |
|---|---|
| શ્રી સુમતિનાથ જિનેશ્વર ચરિત્ર ભાગ-૧ | સંવત ૨૦૩૬ |
| હું અને મારી બા | સંવત ૨૦૩૭ |
| શ્રી હેમચન્દ્રાચાર્ય-કૃત સિદ્ધહેમ શબ્દાનુશાસનનો અષ્ટમઃ અધ્યાયઃ | સંવત ૨૦૩૭ |
| શ્રીપાલ રાજાનો રાસ ( અર્થ સહિત ) | સંવત ૨૦૩૮ |
| શ્રી હેમચન્દ્રાચાર્ય-કૃત સિદ્ધહેમ શબ્દાનુશાસનનો અષ્ટમઃ અધ્યાયઃ ( નવ પરિશિષ્ટ સહિત ) | સંવત ૨૦૩૮ |
| શ્રી સુમતિનાથ જિનેશ્વર ચરિત્ર ભાગ-૨ | સંવત ૨૦૩૯ |
| શત્રુંજય ગિરિરાજ દર્શન | સંવત ૨૦૩૯ |
| વૈરાગ્ય ઝરણા | સંવત ૨૦૪૦ |
| શ્રી ધર્મદાસ ગણિ વિરચિત (ઉપદેશમાળા ભાષાંતર) | સવત ૨૦૪૧ |
| શ્રી જંબૂસ્વામી ચરિત્ર | સંવત ૨૦૪૨ |
| શ્રી આત્મવિશુદ્ધિ | સંવત ૨૦૪૨ |

આ સંસ્થા પોતાના જ મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. જેમાં ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને મુંબઈના ગુજરાતી છાપાઓ વાંચવા માટે મૂકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં આવે છે. અનેક વ્યક્તિઓ લાભ લે છે.

આ સંસ્થા સારી લાઇબ્રેરી ચલાવે છે. જેની અંદર જૈન ધર્મની પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત પુસ્તકો, અંગ્રેજી પુસ્તકો, હિન્દી પુસ્તકો અને ગુજરાતી નોવેલ વગેરે છે. જેનો લાભ પૂ. ગુરુ ભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો અભ્યાસ માટે તેમજ વ્યાખ્યાનમાં પ્રવચન આપવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનતર ભાઇઓ અને બહેનો સારા પ્રમાણમાં લાભ લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધાર્મિક પ્રવૃત્તિઓ :-

૧. સંવત ૨૦૪૨ના માગશર વદ એકમને તા. ૨૮-૧૨-૮૫ના રોજ સભાસદોને આમંત્રણ આપીને શ્રી અજારા તીર્થની યાત્રા કરવા ગયેલ હતા. સારી સંખ્યામાં સભાસદોએ લાભ લીધો હતો. ત્યાં પૂજા ભણાવવામાં આવી હતી. અને આવેલ સભાસદોની સવાર, બપોર ભક્તિ કરવામાં આવી હતી.

૨. સંવત ૨૦૪૨ના પોષ શુદ બીજને તા. ૧૨-૧-૮૬ના રોજ સભાસદોને આમંત્રણ આપીને ઘોઘાતીર્થ યાત્રા કરવા ગયા હતા. રાગ-રાગિણી સહિત વાજીંત્ર આદિના સહારે પૂજા ભણાવવામાં આવી હતી. આવેલ સભાસદોની સવાર-બપોર ભક્તિ કરવામાં આવી હતી.

૩. સંવત ૨૦૪૨ના મહા શુદ ચૌદશ તા. ૨૩-૨-૮૬ના રોજ સભાસદોને આમંત્રણ આપીને શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવામાં આવી હતી. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવી હતી. સવાર, બપોર આવેલ સભાસદોની ભક્તિ કરવામાં આવી હતી.

૪ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૦મો જન્મ જયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૨ના ચૈત્ર સુદી ૧ ને તા. ૧૦-૪-૮૬ના રોજ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવી હતીઃ પધારેલ સભાસદોની સવાર બપોર ભક્તિ કરવામાં આવી હતી.

૫ આ સભાનો ૯૦મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજ ગિરિ ઉપર સંવત ૨૦૪૨ના જેઠ સુદ એકમ તા. ૮-૬-૮૬ના રોજ ઉજવવામાં આવ્યો હતો. શ્રી તાલધ્વજ ગિરિ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં રાગ રાગિણી સહીત વાજીંત્ર આદિના સહારે પૂજા ભણાવવામાં આવી હતી. પધારેલ સભાસદોની સવાર બપોર ભક્તિ કરવામાં આવી હતી.

૬. આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠશ્રી ફતેચંદ ઝવેરભાઇ શાહની જન્મ તિથિ હોવાથી શ્રી જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં સંવત ૨૦૪૨ના આસો સુદ દશમને રવિવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

## અન્ય પ્રવૃત્તિઓ :-

સંવત ૨૦૪૨ના કારતક સુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી દૂધ પાર્ટી આપવામા આવી હતી. સારી સંખ્યામાં સભાસદો લાભ લે છે.

૨. સંવત ૨૦૪૨ના કાર્તિક સુદી પંચમીના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા. ખૂબજ સારી સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ દર્શનનો લાભ લીધો હતો.

૩ આ સંસ્થા દર વર્ષે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ધાર્મિક તેમજ વ્યવહારિક કેળવણીને ઉત્તેજન આપવા માટે શિષ્યવૃત્તિ અને સ્કોલરશીપો આપે છે. સંવત ૨૦૪૨ની સાલ દરમ્યાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગરના જૈન સમાજમાંથી S. S. C. માં પાસ થઇને સૌથી વધુ માર્કસ મેળવનારને અને S. S. C. માં સંસ્કૃત વિષય લઇને સંસ્કૃતમાં સૌથી વધુ માર્કસ મેળવનારને દરેકને રૂા. ૫૧-૦૦ ના એમ ત્રણ ઈનામો થઈને કુલ રૂા. ૧૫૩-૦૦ના આપવામાં આવ્યા હતા. કોલેજમાં ભણતા વિદ્યાર્થી ભાઇઓને રૂા. ૪૪૦૦ અંકે રૂા. ચાર હજાર ચારસોની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

૪. સંવત ૨૦૪૨ની સાલ દરમ્યાન એક પેટ્રન સાહેબ અને વીશ નવા લાઈફ મેમ્બરો થયા હતા.

૫. દ્વાદશારં નયચક્રમ ભાગ ૧-૨ (સંપાદક પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ) સ્ત્રી નિર્વાણ-કેવલિ ભુક્તિ પ્રકરણે (સંપાદક પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ) જિનદત્ત કથાનકમ્ (સંમ્પાદિકા સાધ્વીશ્રી ઓંકારશ્રીજી મહારાજ) પાકૃત વ્યાકરણમ્ (અષ્ટમો અધ્યાય નવ પરિશિષ્ટ સહિત, સંપાદક પ. પૂ. વજ્રસેનવિજયજી મહારાજ) વગેરે પુસ્તકો જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરેના વિદ્વાનો મંગાવે છે અને જૈન દર્શન અને વ્યાકરણના અભ્યાસ માટે આ સંસ્થા તેઓશ્રીને મોકલે છે.

છપાઈ તેમજ કાગળની અસાધારણ મોંઘવારી વચ્ચે માસિકનું નાવ અસ્ખલિત પણે ૮૪મા વર્ષમાં પ્રવેશ કરે છે તેમજ યથાશક્તિ નવા પુસ્તકો છપાયા કરે છે તે પ. પૂ. ગુરૂભગવંતોના આશીર્વાદનું ફળ છે. તેઓશ્રી સર્વનું સ્મરણ કરીને આ મંગળદિને ભાવપૂર્વક વંદન કરીએ છીએ.

આ પ્રસંગે તમામ પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો, સંસ્થાના સભ્યો અને સંસ્થાના હિતેચ્છુઓને નૂતન વર્ષના મંગલ પ્રભાતે શુભેચ્છા પાઠવીએ છીએ અને સંસ્થાના સંચાલનમાં તમો બધાએ જે સાથ સહકાર આપી સેવા અર્પી છે તે બદલ તમો બધાનો ખૂબ જ આભાર માનીએ છીએ.

**હીરાલાલ બી. શાહ**
પ્રમુખશ્રી
શ્રી જૈન આત્માનંદ સભા.

**કાન્તીલાલ જે. દોશી**
તંત્રી
શ્રી આત્માનંદ પ્રકાશ.

## માનવી પુણ્યશાળી કે દેવ ?

જો કોઇ આપને પૂછે કે લોઢું કીંમતી કે ચાંદી? તો સ્વાભાવિકજ તમે કહેશો કે ચાંદી. એજ રીતે જો એમ પૂછવામાં આવે કે મનુષ્ય વધારે પુણ્યશાળી કે દેવ? તો તમે કહેશો કે દેવ. એટલે તો એ સ્વર્ગના અનેક સુખો ભોગવે છે ને!

પરંતુ આ વાતની બીજી બાજુ પણ છે. લોઢાને પારસમણિનો સ્પર્શ મળી જાય તો તે ચાંદી કરતા વધારે કીંમતી સોનુ બની જાય. ચાંદીમાં એવી શક્તિ નથી કે પારસ-મણિના સ્પર્શથી સોનુ બની શકે. મનુષ્ય પણ સદ્ગુરુના સ્પર્શથી નરમાંથી નારાયણ બની શકે છે.

(શ્રમણ જાન્યુ. ૮૫માંથી સાભાર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • નૂતન વર્ષનો સંકલ્પ

• પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર્ય

મનુષ્યમાં રહેલી નિર્બળતાઓનો લોકો જેટલો તિરસ્કાર કરે છે તેટલો તેનામાં રહેલા બળ અને શકયતાઓનો આદર કરતા નથી. તેની જડતા પર જેવા જોરથી ઘા કરે છે તેવા કે તેથી અડધા જોરથી પણ તેનામાં રહેલા ચૈતન્યનો આદર કરતાં નથી. મનુષ્યમાં દેખાતી ક્ષુદ્રતા જેટલી ખુંચે છે તેટલી તેનામાં રહેલી વિરાટતા પ્રત્યે પ્રેમ કરવાનો લેશ માત્ર વિચાર કરતા નથી મનુષ્યની શૈતાનીયત લે.કે.ને નજરે તુરત ચઢી જાય છે, પરંતુ તેની દિવ્યતા તો તેમનાં ધ્યાન બહાર જ રહી જાય છે.

દરેક વ્યક્તિમાં જડતા અને ચૈતન્ય બન્ને વસેલા છે. જડતા એને અધોગતિ તરફ ખેંચે છે. ચૈતન્ય તેને ઉર્ધ્વગામી બનાવવા કોશિષ કરે છે. વ્યક્તિ માત્રના જીવનને આ નિરંતરની ખેંચતાણ અનુભવવી પડે છે, જડતા જો કે ટાળી ટળી શકતી નથી. છતાં તેને ચૈતન્યને આધીન કરવી હોય તો તેમ કરી શકાય છે. આ હકીકતમાં મનુષ્યનાં ઉદ્ધારના બીજ રહેલાં છે.

પડવું સાહજીક છે એ વાત માની લઇએ તો પણ ચઢવું એ સાવ અસ્વાભાવિક નથી, એમ પણ માનવું પડશે. જડતાનો બોજો ઉંચકીને પણ ચૈતન્ય-પંખેરૂં ગગન ભણી ઉડવા પાંખો ફફડાવ્યા કરે છે અને તે ઉડવામાં એક દિવસે જડતાને ખખેરીને સફળ થશે, એવી શ્રદ્ધા રાખવી અસ્થાને નથી.

તત્વદષ્ટિએ વિચાર કરતાં મનુષ્યમાં સૂક્ષ્મ રૂપે દિવ્યતા રહેલી છે અને તે તેના સ્થૂલ જીવનમાં પ્રગટ થવા મથામણ કર્યા જ કરે છે. આટલું સમજમાં આવ્યા પછી કોઇપણ વ્યક્તિનો તિરસ્કાર કરવાનું અંતરથી મન થતું નથી. મનુષ્ય સ્વભાવની આ ઉર્ધ્વગામિતા પર વિશ્વાસ મૂકયા પછી કોઈ વ્યક્તિને અનાદરથી જોવાની ટેવ છૂટી જાય છે અને આદરથી જોવાની ટેવ પડે છે. પછી તે અજ્ઞાનીઓને હસતો નથી કે દુષ્ટો પ્રત્યે ઘૃણા દર્શાવતો નથી. બાળકની દુર્બળતાની તે હાંસી કરતો નથી કે સ્ત્રીઓને અબલા ગણીને તુચ્છકારતો પણ નથી. તે જાણે છે કે દુષ્ટતા, દુર્બળતા કે અજ્ઞાનતા એ તો ચૈતન્યની આજુબાજુ વીંટળાયેલી અશુદ્ધિઓ માત્ર છે. સોનાની કાચી ધાતુમાં મિશ્રિત થયેલાં ખડક મટોડી કે અન્ય ધાતુઓને જોઈને કોઇ સોનાને ફેંકી દેતું નથી. તો પછી અદ્ભુત શકયતાઓથી ભરેલા વ્યક્તિત્વવાળા માનવને શી રીતે તિરસ્કારી શકાય? વ્યક્તિમાં રહેલી સુવર્ણ સમી દિવ્યતા પર તો પ્રેમ જ પ્રગટાવી શકાય. નીચમાં નીચ ગણાતા મનુષ્યો પણ શ્રેષ્ઠતાંના અધિકારી બન્યાના અગણિત દાખલાઓ છે- તે બતાવી આપે છે કે મનુષ્યમાં રહેલી દિવ્યતા એ સત્ય છે કિન્તુ ભ્રમણા નથી. નીચમાં નીચ વ્યક્તિનો પણ અનાદર નહિ કરતાં શકય હોય તો તેનામાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવામાં સહાય રૂપ બનવું-એ જ પરમ ધર્મ છે. જેઓ દુષ્ટતાથી કંટાળી સુવર્ણ જેવી દિવ્યતા ફેંકી દેવા પ્રયાસ કરે છે, તેઓને મનુષ્યમાં રહેલી અંતિમ સારરૂપતા ઉપર હજુ વિશ્વાસ ઉત્પન્ન થયો નથી. મહાન પુરૂષોને એ વિશ્વાસ હતો. તેથી તેઓએ કોઇનો તિરસ્કાર કર્યો નથી. સર્વ પ્રત્યે સમભાવ પ્રેમ અને અહિંસા પ્રબોધ્યાં છે.

દિવાળીનાં દિવસે આપણે ઘર-દુકાન આદિનો કચરો દૂર કરી, રંગરોગાન કરીને દીપક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રગટાવીએ છીએ તેમ આપણાં તથા આપણી આસપાસનાં આત્મામાં રહેલ ક્ષુદ્રતા, નિર્બળતા, જડતારૂપી કચરાને દૂર કરી દિવ્યતા, અનંત-શક્તિ, ચૈતન્ય આદિ પ્રકાશ તરફ નજર રાખી મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ્ય રૂપી દીપક પ્રગટાવીને આપણા સંપર્કમાં આવનાર, નહિં આવનાર સમગ્ર જીવરાશીનાં શુદ્ધ આત્મ સ્વરૂપે દર્શન કરીને તેજ રીતે નૂતન વર્ષમાં જીવન જીવવાનો નૂતન વર્ષનાં મંગલ પ્રભાતે સંકલ્પ કરીએ

**અવલોકન**

## મનોમંથનના મોગરાની મ્હેંક

# "નિરીક્ષણ અને અર્થઘટન"

બહુશ્રુત વિદ્વાન શ્રી પન્નાલાલ ર. શાહ એમના ઉપરોક્ત નિબંધ સંગ્રહમાં વિષયની વિવિધતા અને વિશાળતા ભર્યા ૨૮ અભ્યાસ પૂર્ણ લેખો લઈને આવ્યાં છે. એમની શીતલ ચિંતનયાત્રા વાચકને જૈનદર્શન અને જૈન-સાહિત્યના પરબ પાસે. 'બ્લેકહોલ' જેવા વિજ્ઞાન વિષયક લેખના હડા ઉપર અને ભવ્ય ભૂતકાલીન સંસ્કૃતિની પરંપરાના કુંડ પાસે લઇ જાય છે. મહાભારતના પાત્રોનું કરેલું આકંઠ પાન એમની સાહિત્યીક દ્રષ્ટિમાં ઉપસે છે. માન્યતાની પ્રસ્તુતતા સમજાવવા એમણે વર્તમાન અને ભૂતકાળનું કરેલું નિરીક્ષણ દાદ માગી લે તેવું છે. સહજ શૈલી વિષયની આરપાર જતી લેખકની ઊંડી દષ્ટિ અને સરલ ભાષાનું ગરવું પોત નિબંધ-સંગ્રહના ઉજ્જવળ આભુષણો છે.

એમના ગદ્ય શિલ્પનો એક નમુનો જોઈએ.

'માનવીને માલિકીભાવની બહુ અબળખા છે. એના એ અભરખાએ પ્રથમ જડ અને પછી ચેતન સૃષ્ટિમાં પશુ પક્ષીને એણે સૌ પ્રથમ પાળેલાં બતાવ્યાં. પોતાના જાતભાઇને પણ છોડયા નથી, પ્રિયતમાને પણ એ 'પત્ની' બનાવીને જ જંપ્યો છે; માનવીને ગુલામ બનાવ્યાં પછી સૃષ્ટિના સંવાદી, તાલબદ્ધ લય પામતાં ગીત, એની સર્જનલીલા અને બ્રહ્મના લટકાને પોતાના કહ્યાગરાં કરવા એ મંડી પડયો છે. પર્યાવરણની સમતુલા ખેરવીને પણ એ પોતાના માલિકી-ભાવને એમાં વશાવર્ત કરવા માગે છે.'

- 'નિરીક્ષણ અને અર્થઘટન' લેખક : પન્નાલાલ ર. શાહ.
  પ્રકાશક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર પટેલ રોડ,
  મુંબઇ નં. ૪૦૦ ૦૦૪. મુલ્ય રૂા. ૪૦-૦૦ - બી. પી. મહેતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ધર્મ સ્વાતંત્ર્યની ઝલક

• પં. શ્રી શીલચંદ્રવિજયજી

"માનવજીવનમાં, કોઈ પણ વસ્તુનું વધુમાં વધુ જેટલું મૂલ્ય હોઈ શકે, તેથી વધુ મૂલ્ય જીવન સંસ્કારોનું છે. ઊંચાં ખાનદાનમાં જન્મ થવો, એ જો પુણ્યાઇની નીશાની ગણાતી હોય, તો ઉચ્ચ સંસ્કારોની પ્રાપ્તિને જીવંત પુણ્ય જ લેખવી જોઈએ બલ્કે, ઊંચું ખાનદાન મળવું એ તો પુણ્યના હાથની બાજી છે, પરાધીન બાબત છે, જયારે ઉત્તમ સંસ્કારોની કેળવણી તો 'પોતીકા પુરૂષાર્થ'ની કમાણી છે, સ્વાધીન છે. શાસ્ત્રો કહે છે: માનવજીવન અતિ મોંઘેરું છે. આવાં મોંઘેરાં જીવનને અશુભ સંસ્કારોથી બચાવવું, એ પણ ભારે પુરૂષાર્થ અને ચીવટનું કામ છે."

વિશાળ ધર્મસભા છે. સાદી છતાં સુંદર કાષ્ઠવાટ-વ્યાસપીઠ છે. તેના પર આચાર્ય મહારાજ બિરાજ્યાં છે. સફેદ વસ્ત્રો પહેરેલાં એમનાં ભરાવદાર શરીરમાંથી નીતરતી પ્રતિભા, જોનારને પ્રસન્ન કરવા સમર્થ છે. લલાટનું તેજ, એમનાં જ્ઞાન અને સચ્ચારિત્રની ગવાહી પૂરે છે.

સભાખંડ ચિક્કાર હતો. અવાજ કરનારને જ શરમાવું પડે એવી શાંતિ હતી. મંત્રમુગ્ધ બનેલાં રસિયા શ્રોતાઓ, આચાર્ય મહારાજના મુખેથી નીકળતો અસ્ખલિત વાણીપ્રવાહ ઝીલી રહ્યા હતા. દેવ અને ગુરૂનું મંગલ સ્મરણ કરીને જ પ્રવચનનો પ્રારંભ કરવો; પ્રવચનમાં ભગવાન તીર્થંકરની રાગ, દ્વેષ અને મોહને દૂર કરનારી વાણીનો જ અનુવાદ કરવો; અને અંતે, 'સર્વ મંગલ' એ શ્લોક દ્વારા, આ બધું જિનશાસનના એટલે કે અહિંસા અને વિશ્વમૈત્રીના જયકાર માટે જ છે એવું જાહેર કરવું; અને આ બધાં દ્વારા ભગવાન જિનેશ્વરનાં દયાપ્રધાન શાસન પ્રત્યેની પોતાની અચલ વફાદારી વ્યક્ત કરવી, એવું વ્રત લઇને બેઠેલાં આચાર્ય મહારાજ, આજે, સંસ્કારી અને અસંસ્કારી જીવનનો તફાવત સમજાવી રહ્યાં હતાં.

"સુખી ઘરનો નબીરો, ઘણીવાર, આખાં ઘરને અસુખમાં મૂકી દે એવાં કુસંસ્કારોથી લપટાયેલો હોય છે. અને ગરીબ ઘરમાં જન્મેલું સંતાન, ક્યારેક, કહેવાતાં શિષ્ટજનોનેય હેરત પમાડે એવી સંસ્કારિતાથી ઓપતું હોય છે. કોઇક વિરલ માબાપ જ એવા હોય કે જેના કુળદીપકને ઘોડિયામાં જ સુખ અને સંસ્કારો-બન્નેનો સુયોગ સાંપડયો હોય. કુમાર ધર્મરુચિ આવો જ વીરલો ધન્ય આત્મા હતો."

શ્રોતાઓ કાન સરવાં કરીને સાંભળી રહ્યા હતા, આચાર્ય મહારાજની અનોખી અને અસરકારક રજૂઆતે સભામાં એવી તો જિજ્ઞાસા જન્માવી હતી કે જાણે શાંતિની જાજમ ઉપર જીવતી જિજ્ઞાસાઓ જ એકાગ્ર બનીને બેઠી હોય એવું લાગતું હતું. શાંતિનો ભંગ થાય એ નહોતું પોસાતું, તો 'ધર્મરુચિ'નું નામ સાંભળીને હૈયે જાગેલી જિજ્ઞાસા પણ ખાળી શકાય એમ નહોતી. એટલે એક શ્રોતાએ વિનયભાવે પ્રશ્ન કર્યો :

કૃપાળુ! કુમાર ધર્મરુચિ કોણ હતો? આપના મુખમાં પણ જેનું નામ અને પ્રશસ્તિ હોય, એ આત્મા કોણ હશે! કેવો ધન્ય હશે! એ જાણવાની અમને સૌને તાલાવેલી જાગી છે, તો એનું વૃત્તાંત આજે કહેવાની કૃપા આપ ન કરો?

શ્રોતાઓના વિનયે, જિજ્ઞાસાએ અને શાંતિએ આચાર્ય મહારાજને જાણે વશ કરી લીધા. અને કુમાર ધર્મરુચિનાં અણધાર્યાં સ્મરણે તેઓ કંઈક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવવિભોર પણ થઇ ગયા, એટલે શ્રોતાજનોની જિજ્ઞાસાના ઉત્તરમાં એમણે પ્રસન્ન સ્વરે ધર્મ-રુચિની વાર્તા પ્રારંભી :

"ધાન્યપુર નામે ગામ છે. વસતિ તો એની શહેર જેટલી છે. પણ એની સાદગી અને સ્વચ્છતાની રોનક જુઓ તો એને આદર્શ ગામ કહેવાનું જ મન થાય.

ત્યાં માણિભદ્ર નામે એક શેઠ રહે છે. ધર્મનું અને લક્ષ્મીનું એમને ત્યાં પરંપરાગત નિવાસ-સ્થાન છે. ધર્મને અને લક્ષ્મીને, કહે છે કે, લોહ અને ચુંબકનો સંબંધ હોય છે. અને એ અહીં પ્રત્યક્ષ અનુભવાતું હતું. શેઠ જેવા ધનિક હતા એવા જ ધર્મી પણ હતા. એમનાં ઘર-આંગ-ણાંની જેમ, એમનું હૈયું પણ, સ્વચ્છ અને નરવું હતું. ગળથૂથીમાં જિનધર્મ પામેલા શેઠ વ્રત-નિયમ અને અને ધર્મની આરાધનાનાં વ્યસની હતા. અને, કેશરનો ચાંદલો કરનાર વાણિયો, અનીતિ કે ખોટાં તોલમાપાં કરે, તો તેમાં જેટલી પોતાની શાખ ઘટે, તે કરતાં વધુ પોતાનાં ચાંદલાની, પોતાનાં કુળધર્મની વગોવણી થાય, એ બાબતથી શેઠ સુમાહિતગાર હતાં, એટલે નીતિ અને પ્રામાણિકતાનાં પાલનમાં એ ખૂબ કડક અને જાગરૂક રહેતા. અને એ કારણે, ધાન્યપુરમાં એમણે જમાવેલી શાખ અને મેળ-વેલી પ્રતિષ્ઠા જોતાં લાગતું કે આ એક જ વાણિયો, ગામ આખાંની વસતિ ઉપર કેવી શેઠાઇ ભોગવે છે! શ્રાવક અનીતિ કરે તો એ શ્રાવક મટીને વાણિયો બની જાય છે. પણ એ જ જો નીતિનું ધોરણ બરાબર જાળવે તો - અપેક્ષાએ એ મધ્ય સ્થિતિનો હોય તોય - સૌનો શેઠ બની શકે છે. અને માણિભદ્ર શેઠ એનું જ્વલંત પ્રતીક હતાં.

એ શેઠને એક દીકરો. નામ ધર્મરુચિ. પૂર્વનો કોઇ યોગભ્રષ્ટ આત્મા જ હોય કે ગમે તેમ, પણ એ બાળકને બહુ નાની ઉંમરથી જ ધર્મ-કરણી ઉપર ભારે પ્રીતિ બંધાઇ ગઈ. અને શેઠને ઘેર શી વાતે તોટો હતો કે એમના એકના એક લાડકવાયાને કોઇ ધર્મકરણી કરતો અટકાવે? ઊલટું, શેઠે તો એની રુચિ અનુસાર બચપણથી જ એનામાં ધર્મભાવના સિંચવા માંડી. એનાં અધ્યયન અને વિશેષતઃ ધાર્મિક અધ્યયન માટે અધ્યાપક વગેરેનો પણ પ્રબંધ કર્યો.

'મોસાળે જમણ ને મા પીરસનાર' પછી બાકી શું રહે? પૂર્વનાં પુણ્યયોગે અને પિતાનાં સંસ્કારસિંચને, બાર વર્ષનો થતાં થતાં તો કુમાર ધર્મરુચિ,ધર્માભ્યાસ અને ધર્મસંસ્કારોથી સર્વથા સુરભિત બની ગયો. ધર્મ એ જ એની રુચિ. એની વાતોમાં પણ સુસંસ્કારો નીતરે. સ્વભાવ તો એવો શાંત કે મરતાંને મેર ન કહે, ગુણિયલ તો એવો કે એનો સમાગમ છોડવાનું મન ન થાય. ધર્મશાસ્ત્રોનું જ્ઞાન અને ક્ષયોપશમ એવો કે મોટેરાંઓને પણ એની અદબ જાળવવી ગમે. સાધુભગવંતોના સમાગમે અને ધર્મશ્રવણે એને ખૂબ નાની કહી શકાય એવી આ ઉંમરે પણ વ્રતધારી શ્રાવક બનાવી દીધો.

આપણાં આર્ય માબાપો તો ઘોડિયામાં ઝૂલતાં બાળકનાં કાનમાં હાલરડામાં પણ, આવી ધર્મવાણી રેડતાં કે :

અમે જીવહિંસાથી દૂર રહીશું,
જીવદયા પાળીશુ;
અમે અસત્યનો ત્યાગ કરીશું,
સત્યને પરમેશ્વર ગણી પૂજીશું;
અમે ચોરી નહી કરીએ,
પરધનને પત્થર સમજીશું;
અમે સદાચારી-સંયમી બનીશુ,
અનાચાર અમને ત્યાજ્ય હશે;
અમે નિરર્થક પરિગ્રહ છાંડીશું,
મમત્વભાવ નહિ વધારીએ...

હે! તો પછી બાર વર્ષનો ધર્મરુચિ, વ્રત-ધારી શ્રાવક બને એમાં શી નવાઇ? સમજણ અને ભાવનાપૂર્વક પાળે, એનું બધું જ સાર્થક.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચી સમજ અને સાચી ભાવના, ઉંમર નથી જોતી; એ તો પાત્ર શોધે છે.

એક વખતની વાત છે, સમીસાંજની વેળા છે. સરખે સરખાં મિત્રો ભેગાં મળ્યાં છે. કુમાર ધર્મરુચિ એમની સાથે ફરવા નીકળ્યો છે. એણે કીંમતી દાગીના પહેર્યાં છે.

નિર્દોષ હાસ્ય ગમ્મત કરતાં કરતાં બધા ગામને પાદરે આવી પહોંચ્યાં. અંધારું થવા આવ્યું હતું, છતાં કોઇને એની ફિકર ન હતી. બધાને થયું કે ચાલો, હજી થોડેક દૂર ફરી આવીએ. અહીંયા શું ડરવા જેવું છે? એ ક્ષણે કોઈને-અને તેમાંયે આવા બાળકોને-કલ્પનાયે કયાંથી હોય કે ભાવી જ એમને આગળ દોરી જાય છે!

કિશોરોએ ચાલવા માંડયું. આમ તો ઝાઝુ ન કહેવાય, પણ અંધારું અને નિર્જન સીમ જોતાં, આ કિશોરોને માટે વધુ ગણાય, એટલો રસ્તો તો એમણે કાપી નાંખ્યો. કોઈક બોલ્યું પણ ખરું કે: હવે આપણે ઝડપ કરો, તો સામે પેલો વડલો દેખાય છે, ત્યાં સુધી જઈને પાછાં ફરીએ. બધાંએ એ માન્ય રાખીને ત્યાં જવા માટે ઝડપ વધારી. પણ ત્યાં જ દૂર આવેલાં ખેતરને શેઢેથી બૂમ પડી: "ભાગો, ભાગો, ચોર આવ્યા, ચોર આવ્યા."

કિશોરો ચમકયા, ગભરાયા. ઝીણી આંખે જોયું તો દૂર રસ્તા ઉપર બુકાની બાંધેલા અસવારોને લઈને ઘોડાઓનું નાનું સરખું જૂથ દોડયું આવતું હતું. અને ખેતરોમાં ને આસપાસ ફરતાં ગણ્યા ગાંઠયા માણસોમાં પણ બૂમરાણ અને નાસભાગ મચી ગઈ હતી.

પછી તો કિશોરો પણ શાના ઊભા રહે? એ તો બધા બીકના માર્યા જેમ ફાવે તેમ દોડવા-નાસવા લાગ્યા. ધર્મરુચિ પણ નાઠો. પણ સંસારની આવી બીનાઓથી અપરિચિત અને ભયથી આતંકિત એ ગભરૂ બાળક ભાગી ભાગીને કેટલે દૂર જઈ શકે? ઊલટું, એનાં ઘરેણાંઓનો ચળકાટ જોઈને ચોરોએ એને જ લક્ષ્ય બનાવી દીધો. બે ચાર પળ વીતી ન વીતી, ધર્મરુચિ સંતાવાની જગ્યા શોધતો રહ્યો, અને ત્યાં તો તીરવેગે એક ઘોડો આવ્યો અને ધર્મરુચિને ઉપાડીને ચાલતો થયો."

આચાર્ય મહારાજ વાર્તા કહેવામાં એકતાન હતા. એમનું વ્યાખ્યાન આજે વાર્તામય બની ગયું હતું. શ્રોતાજનો પણ વાર્તા સાંભળવામાં મશગૂલ હતા. એમની અપલક આંખોમાં 'પછી શું થયું?' અને 'હવે શું થશે?'ની આતુરતા ડેકિયાં કરી રહી હતી.

"ચોરોને તો, કાં તો પૈસો જોઈએ ને કાં તો ખડતલ માણસ ખપે," વાર્તાનો દોર આગળ લંબાવતા આચાર્ય મહારાજ બોલ્યા, "એમને આવાં કૂમળા બાળકનો શો ઉપયોગ! એમણે તો ધર્મરુચિનાં ઘરેણાં ઊતારી લીધાં અને એને એક ચોર સાથે ઉજ્જયિનીના ગુલામ બજારમાં મોકલી આપ્યો, જે દામ ઉપજ્યાં તે.

માણસ પરાપૂર્વથી પોતાના હાથેજ પોતાના જાતભાઈને, માણસને વેચતો આવ્યો છે, સતાવતો રહ્યો છે અને કામ પડે તો એનો નાશ પણ કરતો રહ્યો છે. અને એનું આ ઉલ્લેખનીય ઉદાહરણ છે. માનવેતર કોઇ પ્રાણી કે જંતુ, પોતાના હાથે, પોતાની જાતિનાં પ્રાણી કે જંતુનો નાશ કદી નથી કરતું, એ સંદર્ભમાં આ ઉદાહરણ કેવું શોચનીય દીસે છે!

બજારમાં હાથેપગે લોઢાંની સાંકળો બાંધેલા સેંકડો ગુલામોને વેચવા તેના માલિકો ઊભાં છે. લીલામના ભાવતાલની ખેંચતાણના અવાજો બજારમાં ગૂંગળાતા ગૂંગળાતા ફેલાઈ રહ્યાં છે. કદાચ એ અવાજો પર, ગુલામોની માનસિક ગૂંગળામણ જ સવાર થઈ હતી! પણ લોકો તો, આવી ગૂંગળામણ કોઠે પડી ગઈ હોય એવા નિર્મળતાથી ત્યાં ફરતાં હતાં અને જેને જે પસંદ પડે, તેને ગુલામ તરીકે ખરીદી જતાં હતાં. રે! ગુલામોના બજારમાં નિમર્મતા જ માણસની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોંશિયારીનું ઓળખચિન્હ બનતી હશે!

હમણાં હમણાં આ બજારમાં ઉજ્જયિનીનો રાજરસોઈયો રોજ આંટા મારતો હતો. એને એક ગુલામની જરૂર હતી. અને એની જરૂરિયાત પૂરી પાડવા, એને રીઝવવા કોણ તૈયાર ન હોય? વેપારીઓએ, એને જરૂર હતી એવો ગુલામ પૂરો પાડવા માટે ખૂબ મહેનત કરી, ગુલામોની આખી હારમાળાઓ એની સમક્ષ ખડી કરી દીધી પણ એનું મન આજ સુધી તો માન્યું નહોતું એને તો ખપતો હતો એક સુંવાળો કિશોર બાળક. એનાં રસોઈ કામમાં મદદ કરવા માટે એને આવા બાળકની જરૂર વરતાતી હતી. એની આ જરૂરિયાતને જાણીને ઘણાં વેપારીઓએ એને મનગમતાં કિશોર શોધી લાવવા પ્રયત્ન કર્યો. પણ એમાં એ અસફળ રહ્યા

રસોયો તો રોજ બપોર પડે, બજાર ભરાવાનો સમય થાય, ત્યારે બજારમાં ફરવા નીકળે છે. એ સમજતો હતો કે રોજ તપાસ કરીશ તો ક્યારેક કામ પતશે રોજની માફક આજે પણ એ તપાસ કરવા આવ્યો છે. ફરતાં ફરતાં એની નજર ધર્મરુચિ ઉપર પડી. એને વેચવા આવનારો ચોર તો આ બાબતથી અજાણ હતો, પણ રોજિંદા વેપારીઓ તો એ અજાણ્યા વેપારી સાથેના ધર્મરુચિને જોઈને જ સમજી ગયા હતા કે આ છોકરો રસોયાને જરૂર ગમી જવાનો. અને એમ જ થયું. પહેલી નજરે જ પસંદ પડી ગયેલા ધર્મરુચિને, રસોયાએ, પેલા વેપારીને મોં માંગ્યા દામ આપીને વેચાતો લઈ લીધો; અને પાળવા માટે લીધેલાં કૂતરાને દોરે એમ એને પોતાને ત્યાં, રાજરસોડે લઇ ગયો.

જુઓ તો ખરા, 'આચાર્ય મહારાજના ગળામાં દર્દ ઘૂંટાતું હતું'. અઢળક કહી શકાય એવી સંપત્તિનો એકમાત્ર હોનહાર માલિક ધર્મરુચિ અત્યારે તિરસ્કરણીય ગુલામ બની ગયો! ગઈકાલના વ્રતધારી શ્રાવક પુત્રની ગણતરી આજે ગરીબડાં ગુલામ પેઠે થાય, એ કેટલું દર્દનાક છે! પણ રે! ધર્મરુચિનું મોં તો જઓ! ન મળે ત્યાં શોક કે ન મળે સંતાપની છાયા. એ તો કદાચ કાલ કરતાં પણ અત્યારે વધુ શાંત અને સ્વસ્થ હતો. બાળસુલભ ભયને લીધે એનું મોં હેબતાઇ ગયેલું જરૂર હતું, પણ 'હવે મારું શું થશે?' એવી દયામણી રેખા ત્યાં નહોતી કળાતી બલ્કે, એ તો સતત નવકારમંત્રનું રટન વ્રતધારી માણસને શોભે તેમ-કર્યે જતો હતો. ભય, ભૂખ અને પરિશ્રમને લીધે એના દેહમાં થાકનાં ચિન્હો વરતાતા હતા, પણ નવકારમંત્રનું રટણ એનાં થાકને ઓગાળી દેનારૂં બનતું હતું.

ક્રમશઃ

## ડો. કુમારપાળ દેસાઈની સફળ વિદેશયાત્રા

જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડો. કુમારપાળ દેસાઈ અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયા હતા. જેમાં એમણે ટોરન્ટો, ન્યુયોર્ક, ડીટ્રોઇટ અને લોસ એન્જલિસમાં કુલ ૨૨ જેટલાં પ્રવચનો આપ્યાં હતાં. લોસ એન્જલિસમાં પર્યુષણના આઠેય દિવસ જૈનદર્શનના જુદા જુદા વિષયો પર પ્રવચનો આપ્યા. આ પ્રસંગે લોસ એન્જલિસમાં તૈયાર થતાં જૈન સેન્ટર માટે તેઓએ સહુને અપીલ કરી હતી અને તેના જવાબમાં જૈન ભવન, પુસ્તકાલય, વ્યાખ્યાન ખંડ, દેરાસર અને સ્વાધ્યાય ખંડ માટે સેન્ટરને એક લાખ પંચોતર હજાર ડોલરનું દાન મળ્યું હતું. પર્યુષણ દરમિયાન લોસ એન્જલિસમાં દસેક અઠ્ઠાઇ થઈ, જેમાં એક અમેરિકન બહેને પણ અઠ્ઠાઈ કરી હતી. ડેટ્રોઇટ અને લોસ એન્જલિસમાં મોટા પાયા પર ગુજરાતી સાહિત્યની લાયબ્રેરી ઊભી થાય તેવી યોજના પણ સાકાર થઈ હતી. આગામી વર્ષ માટે ન્યુયોર્ક, ન્યુજર્સી, ટોરન્ટો અને શિકાગોએ પ્રવચન આપવા નિમંત્રણ આપ્યું છે.

વિદ્વદ્વર્ય ડો. શ્રી કુમાળપાળ વિદેશયાત્રાઓ દ્વારા વધારેને વધારે ધર્મ-પ્રચાર અને જ્ઞાન-પ્રચારના કાર્યો કરતા રહે એવી શુભેચ્છા.

—તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • સમર્પણ

• લે. રક્તતેજ

આશરે પચ્ચીસસો વર્ષ પહેલાની આ વાત છે. તે વખતે મગધદેશની ઘણી જાહોજલાલી હતી. મગધદેશની ભૂમિ એક સંસ્કારનું ધામ હતું. વિદ્યાની પરમ પાવની ભૂમિ હતી. ધાર્મિક અનુષ્ઠાનો અને પરોપકારના કાર્યો કરનારાઓની ત્યાં ખોટ નહોતી. એ ભૂમિ અનેક મહાપુરુષોની જન્મદાત્રી હતી. ભગવાન મહાવીરના વિહાર અને પદાર્પણથી પાવન થયેલી એ ભૂમિ હતી. ભ. મહાવીરે સત્ય માર્ગના ઉપદેશ માટે એ ભૂમિ ઉપર પોતાની પસંદગી ઉતારેલી.

એ સમયે ત્યાં અપાપા નગરીમાં સોમિલ નામે એક ધનાઢ્ય બ્રાહ્મણ શ્રેષ્ઠી રહેતો હતો. લક્ષ્મીદેવીની તેના ઉપર અપાર કૃપા હતી. ધનવાન હોવા સાથે તે ધર્મપ્રેમી પણ એટલોજ. તેનામાં ધર્મશ્રદ્ધા પણ અખૂટ હતી. બ્રાહ્મણ ધર્મની શ્રદ્ધાને કારણે યજ્ઞ અને કર્મકાણ્ડમાં તેની ઊંડી આસ્થા હતી. તે માટે પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરવામાં તે ગૌરવ અનુભવતો.

એ સોમિલ શ્રેષ્ઠીએ એક વખત વૈશાખ માસમાં શુદી અગ્યારશને દિવસે મહાયજ્ઞ આરંભ્યો. સોમિલ શ્રેષ્ઠી યજ્ઞ કરાવે એટલે એમાં કઈ વાતની મણા રહે? યજ્ઞનો ઉત્સવ સારી રીતે ઉજવાય તે માટે તેણે પોતાનો ખજાનો ખુલ્લો મૂકી દીધો. ધાન્યના ભંડારો પણ અતિથિ ભક્તિ માટે ખુલ્લા મૂકી દીધા. ગમે તે રીતે પણ તેને આ ઉત્સવની ઉજવણી અજોડ બનાવવી હતી. તે માટે દેશપરદેશમાં તેણે નિમંત્રણો મોકલ્યા. યજ્ઞની ક્રિયા કરાવવા માટે યજ્ઞ વિદ્યામાં અને વેદવેદાંગમાં પારંગત શ્રેષ્ઠ વિદ્વાનોને બહુમાન પૂર્વક આમંત્રણ આપ્યું. યજ્ઞમાં બલિ માટે મોટી સંખ્યામાં પશુઓ એકત્રિત કર્યા.

આ મહાન્ યજ્ઞ સમારંભની આગેવાની દેશવિદેશમાં વિખ્યાત પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમને સોંપી. ઇન્દ્રભૂતિ ગૌતમ પણ એક મહાન્ કર્મકાણ્ડી પંડિત હતા. ધર્મ અને વિદ્યાનો વારસો તેમને પિતા વસુભૂતિ પાસેથી મળ્યો હતો. તેમનામાં સંસ્કારનું સિંચન તેમની માતા પૃથ્વી દેવીએ કર્યું હતું. ઇન્દ્રભૂતિ પોતે પણ ખરા જ્ઞાનપિપાસુ અને વિદ્યાપ્રેમી હતા. વિદ્યાના પ્રચાર માટે તેઓ એક આશ્રમ ચલાવતા. જે સેંકડો વિદ્યાર્થીઓના અધ્યયનથી ગાજતો રહેતો.

ઇન્દ્રભૂતિ ગૌતમના શાસ્ત્રજ્ઞાનની જેટલીજ એમના સંસ્કારની ખ્યાતિ હતી. તેના યજ્ઞની બધી ક્રિયા અણિશુદ્ધ બરાબર થાય એજ તેના જીવનનું ધ્યેય. દક્ષિણા કે ધનની જરાયે લાલચ નહિ. દુન્યવી મોજશોખ તેમને આકર્ષી શકતા નહિ. નવું જ્ઞાન મેળવવા સદાયે તત્પર. એમની રાહબરી નીચે એવાજ પ્રખર દસ પંડિતોનો યજ્ઞકાર્યમાં સહયોગ મેળવાયો હતો.

આવા મહાન્ યજ્ઞનો ઉત્સવ જોઇને ગામ આખુ આનંદને હીલોળે ચડયું હતું. આ મહા પંડિતોના મંત્રોચ્ચારથી ગુંજતો યજ્ઞોત્સવ નીહાળવા ગામ પરગામથી માનવ મહેરામણ ઉમટયો હતો. સૌના મન અને ચહેરા ઉપર આનંદ અને ઉલ્લાસ જણાતા હતા. મહાન્ પંડિતોના મંત્રોચ્ચારથી યજ્ઞભૂમિ ગાજી રહી. તેમનું સુમધુર મંત્રગાન સાંભળવા દેવોને પણ સ્વર્ગમાંથી હાજર થવું પડતું.

આ યજ્ઞોત્સવ નિહાળવામાં સૌ મગ્ન હતા. ત્યારે અજબ બનાવ બન્યો. આકાશ વીજળી જેવા પ્રકાશથી ઝળહળી ઉઠયું. સૌની નજર એકી સાથે આકાશ તરફ વળી. આ વિદ્વાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિતોના મંત્રોચ્ચારથી દેવો જરૂર આવશેજ એવી લાગણી સૌ અનુભવી રહ્યા હતા. એ વખતે જ બરાબર તેઓએ આકાશમાં ઝળહળતા પ્રકાશ વચ્ચે દેવોના વિમાન પૃથ્વી તરફ આવતા નીહાળ્યા અને તેઓના મુખમાંથી 'ઇન્દ્રભૂતિનો જય હો' 'એમની મંત્રપૂત વાણીનો જય હો' એવા ગગનભેદી જયનાદથી યજ્ઞમંડપ ગુંજી ઉઠયો આ જયનાદ વચ્ચે કોઇએ બાજુના વાડામાં ટળવળતા પશુઓનો પોકાર કોઈએ સાંભળ્યો નહિ !!!

આકાશમાં ઝળહળતા દેવવિમાનો પૃથ્વી ઉપર આવતા જોઈને સોમિલ શ્રેષ્ઠિ હર્ષગદ્ગદિત થઈ ગયો. પોતે આરંભેલ યજ્ઞને સફળ બનાવવા માટે ઇન્દ્રભૂતિ ગૌતમને મનોમન વાંદી રહ્યો.

ઈન્દ્રભૂતિ ગૌતમના મુખ ઉપર પણ હર્ષ-રેખાઓ છુપી ન રહી શકી. પોતાની વર્ષોની વિદ્યા-સાધનાનું ફળ આજે એમને દેખાઈ રહ્યું હતું. આવા સમયે કયો માનવી ગૌરવ ન અનુભવે ? સરળ સ્વભાવી હોવા છતા પણ આજે પોતે કીર્તિના એક ઉચ્ચ શિખર સર થયાનો ગૌરવ અનુભવી રહ્યા. આવી ઉત્તમ પળે ભલા કોણ અલિપ્ત રહી શકે ?

પણ........

પણ આ શું ? અરે એ દિવ્ય વિમાનો આ યજ્ઞભૂમિ ઉપર ઉતરવાને બદલે કાં બીજે ફંટાયા ? દેવો માર્ગ ભૂલ્યા કે શું ? જોનારા સૌ વિચારમાં પડી ગયા. આ મંત્રોચ્ચાર શું દેવોએ નહિ સાંભળ્યા, હોય? સૌના મુખ ઉપર વિસ્મય છવાઇ ગયો. સોમિલ શ્રેષ્ઠિના મુખ ઉપરની હર્ષ રેખાઓ વિલીન થવા લાગી.

ઇન્દ્રભૂતિ ગૌતમના મુખ ઉપર પણ અકળા-મણની રેખાઓ અંકિત થઇ ગઈ. સૌના જીવ ઉપર એકજ પ્રશ્ન રમવા લાગ્યો, "આ દેવવિમાનો કઈ બાજુ જઈ રહ્યા છે ?" સોમિલ શ્રેષ્ઠિએ પણ પોતાના માણસોને તપાસ કરવા મોકલ્યા એ વિમાનો કયાં જઇ રહ્યા છે એ જાણવા સૌથી વધારે ઉત્સુક હતા ઈન્દ્રભૂતિ ગૌતમ !!!

એ વખતે ટોળામાંથી એક જુવાનીઆનો અવાજ આવ્યો, "એ દેવો તો ટળવળતા પશુ-ઓનો કરૂણ પોકાર સાંભળી પાછા વળી ગયા છે" ઇન્દ્રભૂતિ ગૌતમે પોતાના શિષ્યો દ્વારા જાણી લીધું કે એ દેવવિમાનો મહાસેન વનમાં જઈ રહ્યા છે. ત્યાં શ્રમણ ભગવાન મહાવીર લોકોને સત્ય-માર્ગનો ઉપદેશ આપી રહ્યા છે. લોકો અને પશુપંખીઓ તેમની અમૃત જેવી વાણી સાંભળી અપાર શાંતિનો અનુભવ કરી રહ્યા છે."

આ સમાચાર સાંભળતાજ ઈન્દ્રભૂતિના મનને ઘણો આઘાત લાગ્યો. પણ વર્ષોની પોતાની જ્ઞાન-સાધના નિષ્ફળ કેમ હોઈ શકે ? "કદાચ એ મહાવીર મહાજ્ઞાની નહિ હોય ! મારાથી તો વધારે એ નહિજ જાણતા હોય !" તેમની વિચારધારા આગળ ચાલી. તો ચાલ, હું જાતેજ તેમની પાસે જાઉં અને તેમની સર્વજ્ઞતાનો ગર્વ ઉતારૂં."

યજ્ઞ યજ્ઞને ઠેકાણે રહ્યો. અને ઇન્દ્રભૂતિ તો ઉપડયા મહાસેન વન તરફ-મહાવીરને સમજાવવા -તેમનો ગર્વ ઉતારવા !!

પણ......

પણ આ શું ? જેમ જેમ તેઓ મહાસેન વન તરફ જવા લાગ્યા તેમ તેમ તેમ તેમના દિલમાં અનેરી લાગણીનો અનુભવ થવા લાગ્યો. તેમનો ગર્વ ઓસરવા લાગ્યો. તેમનામાં રહેલો સરળ સ્વભાવ આગળ તરી આવ્યો. તેઓ વિચા-રવા લાગ્યા. "શું મહાવીર ખરેખર સર્વજ્ઞ હશે ? તો તો મારા મનમા રહેલી ઘણી શંકાઓ છે તેનો કંઇક નીવેડો આવશે"... અને ખરેખર બન્યું પણ તેમજ.

જેવા ઈન્દ્રભૂતિએ દૂરથી ભગવાનને જોયા કે તરતજ તેમનામા રહેલો અહમ્ ઓગળી ગયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી ઈન્દ્રભૂતિ ભગવાનની નજીક આવ્યા અને ભગવાન મહાવીરની દૃષ્ટિ તેમના ઉપર પડી. તેમના શરીરમાં અનેરી શીતળતા વ્યાપી ગઇ. ભગવાન મહાવીરે તરતજ કહ્યું, "हे इंद्रभूति ! सागतम् ।" (હે ઈન્દ્રભૂતિ, સ્વાગત હો ).

ભગવાન્ મહાવીરના વાત્સલ્યભર્યા શબ્દોએ ઈન્દ્રભૂતિ ઉપર જાણે કામણ કર્યું. તેમના ઉપર તેની જાદુઇ અસર થઈ. ભગવાનની વાણીમાં અપાર સ્નેહ નીતરતો હતો. વળી ભગવાને એમને 'ઇન્દ્રભૂતિ' એમ નામ દઈને આવકાર આપ્યો હતો. તેથી ભગવાન્ સર્વજ્ઞ હોવા અંગેની તેમની શંકા પણ દૂર થઇ ગઈ. તેઓ મનમાં વિચારવા લાગ્યા, 'આ વિભૂતિના દર્શનથી મારા મનને અને તનને શાતા વળી છે. તેમની અમૃત જેવી વાણી મારા આત્માને ભીંજાવી રહી છે. આવી વાત્સલ્ય અને કરુણાના અવતાર સમી વિભૂતિ પાસેથી મને જરૂર કંઈક જ્ઞાન મળશે. હવે મને લાગે છે કે એઓ જરૂર કંઈક મનની શંકાઓનું સમાધાન કરશે."

પછી તો ઇન્દ્રભૂતિ એક પછી એક પ્રશ્નો ભગવાનને પૂછતા ગયા અને ભગવાન તેમને તેમનાજ શાસ્ત્રને આધારે તેમના મનનું સમાધાન કરતા ગયા જવાબ જેમ જેમ મળતા ગયા તેમ તેમ ઈન્દ્રભૂતિનો જ્ઞાનમદ ઓસરતો ગયો. તેમને સમજાયું કે 'ભગવાનનું જ્ઞાન તો અગાધ મહાસાગર જેવું છે અને પોતાનું જ્ઞાન એક બિંદુ જેટલું પણ નથી."

હવે ભગવાનની અમૃતધારાએ ઈન્દ્રભૂતિને તરબોળ કરી દીધા. તેમના જ્ઞાનચક્ષુ હવે ખુલી ગયા. તેમને સાચા માર્ગના હવે દર્શન થયા. તેઓ ભગવાનને વિનવવા લાગ્યા, "હે જગવત્સલ પ્રભુ, હવે મને આપની અનંત શક્તિ અને અગાધ જ્ઞાનનો પરિચય થયો. હે દીનબંધુ, મેં તમારી સાથે અહંભાવથી જે વાદવિવાદ કર્યો તેનો મને પશ્ચાત્તાપ થાય છે. હે ભગવન્, મને અલ્પજ્ઞાનીને આપ ક્ષમા કરો. આપ તો ક્ષમાના સાગર અને હું મોહમાયામાં ડૂબેલો અલ્પજ્ઞ છું તો હે પ્રભુ, મને ક્ષમા કરી આપના શિષ્ય તરીકે મારો સ્વીકાર કરો, મને આપના ધર્મમાર્ગની દીક્ષા આપો."

કરુણાના સાગર અને ક્ષમાના અવતાર સમા ભગવાન્ મહાવીરે ઇન્દ્રભૂતિને ક્ષમા બક્ષી દીક્ષા આપી. ઇન્દ્રભૂતિ ગૌતમે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી, પ્રથમ ગણધર બન્યા.

હવે ઈન્દ્રભૂતિ ગૌતમનો ગર્વ સદંતર ઓગળી ગયો હતો ભગવાને તેમને શિષ્ય બનાવ્યો તેથી તેમનો આત્મા પુલકિત થયો, અને તેમના સાચા શિષ્ય બની અંતઃકરણથી ભગવાનને વંદન કર્યાં. ભગવાન મહાવીરના સાચા શિષ્ય બની છાયાની જેમ તેમને અનુસરવા લાગ્યા. તેમનો પડયો બોલ ઝીલવા હંમેશા તત્પર રહેતા. તેઓ આજ્ઞા આપે તે ત્વરિત અમલ કરવા ઉત્સુક રહેતા. "समयं मा पमायए ! गोयम ।" એ ભગવાનની વાણી હૃદયમાં ધારી સદાય અપ્રમત્તભાવે ધર્મપાલન કરવા લાગ્યા. ભગવાને ઉપદેશેલા અહિંસા, સંયમ અને તપનું પુરા દિલથી આચરણ કરી પ્રથમ ગણધરપદ શોભાવ્યું. જય હો પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમનો ! જય હો ભગવાન મહાવીરનો. xx

## મોતીનો ચારો

કહેવાય છે કે હંસ કાંકરામાંથી મોતી છૂટા પાડી ઉપાડી લે છે મુમુક્ષુઓની પણ બુદ્ધિ એવી હોવી જોઈએ. એમણે પણ પાખંડીરૂપી કાંકરાઓની વચ્ચેથી સત્યરૂપી મોતી શોધી કાઢવા જોઇએ.

શ્રી 'કુમુદ'
શ્રમણમાંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભામાં અત્યાર સુધીમાં થયેલા

# માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુરસાહેબ વિજયસિંહજી
૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદ છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંઘી
૮ ,, ચંદુલાલ સારાભાઈ
૯ ,, રાયબહાદુર કાંતિલાલ ઇશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઇ
૧૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ
૧૨ ,, રતીલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ
૧૫ ,, કાંતીલાલ બકોરદાસ
૧૬ ,, રાયબહાદુર નાનજીભાઇ લધાભાઈ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતીલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઈ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રાયબહાદુર જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઇ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઈ
૩૩ શ્રી બબલચંદ કેશવલાલ
૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ ,, પુંજાભાઈ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ
૩૮ ,, ઓધવજી ધનજીભાઇ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણલાલ દલસુખભાઇ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઈ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ
૫૦ ,, કસ્તુરભાઈ લાલભાઈ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ ,, મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડો. વલ્લભદાસ નેણસીભાઈ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઈ
૬૦ ,, પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ
૬૨ ,, હાથીભાઇ ગુલાબચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૫ શ્રી ભગુભાઈ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઇ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ
૬૯ ,, ચીમનલાલ ડાયાભાઈ
૭૦ ,, રમણલાલ જેશીંગભાઇ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોતમદાસ શામજીભાઈ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઈ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ;, છોટાલાલ ભાઇચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણજીભાઈ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઇ
૯૭ ,, છોટુભાઈ રતનચંદ
૯૮ ,, હરગોવીનદાસ રામજીભાઇ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ શ્રી શરદભાઇ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઈ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ ,, સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઇ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઇ વીરજીભાઈ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઇ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝરવેચંદ
૧૧૫ શ્રીમતી લાંછબાઇ મેઘજીભાઈ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મુળચંદ
૧૧૮ ,, પ્રાણજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી
૧૨૧ ,, ખાંતીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઇ જેઠાલાલ
૧૨૪ શ્રીમતી કંચનબેન ભોગીભાઇ
૧૨૫ ,, જયંતભાઈ માવજીભાઈ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઇલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઈ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઈ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણલાલભાઇ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૭ શ્રી ચંદુલાલભાઇ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંતિલાલ હરગોવિંદ
૧૪૧ ,, અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઇ એસ. ગાર્ડી
૧૪૭ ,, વાડીલાલભાઇ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઈ લલ્લુભાઇ
૧૪૯ ,, તલકચંદભાઈ દામોદરદાસ
૧૫૦ ,, શ્રીમતી ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઇ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઇ
૧૫૩ ,, નારણજી શામજીભાઈ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઇ
૧૫૫ શ્રીમતી અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઈ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ ,, વૃજલાલ રતિલાલ
૧૫૯ ,, ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઇ હીંમતલાલ
૧૬૧ ,, શાંતિલાલ બેચરદાસ
૧૬૨ ,, શામજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ
૧૬૪ ,, પ્રભુદાસ મોહનલાલ
૧૬૫ ,, નાનચંદ મુળચંદ
૧૬૬ ,, પ્રવિણચંદ્ર ફુલચંદ
૧૬૭ ,, ગીરધરલાલ જીવણભાઇ
૧૬૮ ,, મનસુખલાલ ચીમનલાલ
૧૬૯ ,, સુંદરલાલ ઉત્તમચંદ
૧૭૦ ,, દલીચંદ પુનમચંદ
૧૭૧ ,, કાંતિલાલ જીવરાજ
૧૭૨ ,, છોટાલાલ જમનાદાસ
૧૭૩ ,, પ્રતાપરાય બેચરદાસ
૧૭૪ ,, જસુભાઈ ચીમનલાલ
૧૭૫ શ્રી મનમોહનદાસ ફુલચંદ તંબોળી
૧૭૬ ,, મગનલાલ જેઠાભાઇ શાહ
૧૭૭ ,, રમણલાલ મંગળદાસ
૧૭૮ ,, શત્રુંજય મહાતીર્થ પદયાત્રાસંઘ સમિતિ
૧૭૯ ,, પ્રતાપરાય અનોપચંદ મહેતા
૧૮૦ ,, લહેરચંદ છોટાલાલ
૧૮૧ ,, સુધાકર શીવજીભાઇ
૧૮૨ ,, ગુલાબચંદ લલ્લુભાઈ
૧૮૩ ,, દિનેશભાઇ વીરચંદભાઈ
૧૮૪ ,, ચીનુભાઇ હરીભાઈ શાહ
૧૮૫ ,, ભદ્રેશકુમાર વસંતલાલ મહેતા
૧૮૬ ,, વિરેન્દ્રભાઈ પ્રભુદાસ શાહ
૧૮૭ ,, વિનયચંદ ખીમચંદ શાહ
૧૮૮ ,, કાન્તીલાલ નારણદાસ શાહ
૧૮૯ ,, રમણીકલાલ ત્રીભુવનદાસ સલેત
૧૯૦ ,, મણીલાલ વાડીલાલ શાહ
૧૯૧ ,, રમણભાઇ દલસુખભાઈ શેઠ
૧૯૨ ,, ધરણીધર ખીમચંદ શાહ
૧૯૩ ,, ઇન્દ્રવદન રતીલાલ શાહ
૧૯૪ ,, મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ
૧૯૫ ,, કાન્તીલાલ લક્ષ્મીચંદ શેઠ
૧૯૬ ,, કાન્તીલાલ ચુનીલાલ ચોકસી
૧૯૭ ,, રતનચંદ ઓઘડભાઈ મહેતા
૧૯૮ ,, મુળચંદ દીપચંદ શાહ
૧૯૯ ,, અનંતરાય ગીરધરલાલ શાહ
૨૦૦ ,, મહીપતરાય જાદવજી શાહ
૨૦૧ ,, હીંમતલાલ ચાંપશી શાહ
૨૦૨ ,, બટુકલાલ ત્રીભુવનદાસ સલોત
૨૦૩ ,, સેવંતિલાલ કાન્તીલાલ ઝવેરી
૨૦૪ ,, પ્રાણલાલ ટી. દલાલ
૨૦૫ ,, નટવરલાલ નાથાલાલ વખારીયા
૨૦૬ ,, ખાન્તીલાલ જયંતિલાલ વોરા
૨૦૭ ,, નવિનચંદ્ર રાયચંદ સંઘવી
૨૦૮ ,, નવિનચંદ્ર કુંવરજી શાહ
૨૦૯ ,, નલીનભાઈ હીંમતલાલ શાહ
૨૧૦ ,, અનોપચંદ માનચંદ શેઠ
૨૧૧ ,, શશીકાન્ત રતીલાલ શાહ
૨૧૨ ,, કાન્તીલાલ હેમરાજ વાંકાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમીક્ષા

# સર્વોત્તમ વિચારની ખેતી

# 'જીવન-વિકાસ'

અંશમાં અખિલાઈ સમાય શકે ખરી ? નૂતન વર્ષના નજરાણા તરીકે પ્રગટ થયેલી એક પુસ્તિકા **'જીવન–વિકાસ'** આવો અંશમાં વિચારોની અખિલાઇ ભરવાનો સરસ પ્રયોગ રજુ કરે છે. દરેક વર્ગના વાચકની સાત્વિક વાંચન ભૂખને ભાંગવા મથતી આ પુસ્તિકામાં માત્ર ગુજરાતનાજ નહિ પણ સારાય ભારતના વિદ્વાનો, સંતો, સાહિત્યકારો, કલાકારો, કવિઓ, ડોકટરો, વૈદ્યો અને જૈન મુનિઓની વિચાર-પ્રસાદી ચૂંટી ચૂટીને રજુ કરવામાં આવી છે. આવું તારણ-સંકલન હિન્દી પુસ્તકમાંથી, માસિકમાંથી, આચારાંગ સૂત્ર ૧-૨-૩ માંથી, સૂત્રાકૃતાંગ સૂત્ર-૨-૩૯માંથી વગેરેમાંથી પ્રસ્તુત કરાયું છે. વાચકને વિચાર કરતાં મૂકી દે તેવું આ સાહિત્ય સરળ હોવા છતાં ઉપયોગીતાનું ઉત્તમ પ્રદાન કરે છે વાચકની સંવેદનાને ભીના કરી દે તેવી શૈલીની પ્રબળતાં આમાં છેઃ ટુંકા ટુંકા વાકયો દ્વારા જીવનનું ગહન સત્વશીલ અત્રે વહે છે. જેમની પાસે વાંચન માટે સમયની મૂડી મર્યાદિત છે તેને માટે તો આ સંક્ષિપ્ત વાચનની જાગીર માણવા જેવી છે. સુરૂચિપૂર્ણ વાંચન કરવાની ટેવ ધરાવતા એક એક વાચકે આ પુસ્તિકાના પાના ઉપર માત્ર આંખોજ નહિ પણ દષ્ટિ પણ માંડવા જેવી છે.

o **'જીવન–વિકાસ'** પ્રયોજક શ્રેયાર્થી, પ્રકાશક શ્રી સત્પૂત સેવા સાધના કેન્દ્ર, શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા ૩૮૨૦૦૯. પૃષ્ઠ ૫૬, મૂલ્ય રૂા. ૧-૫૦,

—બી. પી. મહેતા

---

## એક આવકારણીય અને અનુકરણીય પ્રથા

શ્રી મિયાગામ રાધનપુરા વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિ તરફથી કન્યાદાનમાં દર વર્ષે શિષ્ટ સાહિત્યના પુસ્તકોનો સેટ આપવામાં આવે છે. આ પ્રથા સાચેજ આવકારણીય અને અનુકરણીય છે, કેમકે જીવન સંગ્રામમાં ઊભી થતી સમસ્યાઓનો-મુંઝવણોનો-મુશ્કેલીઓનો ઉપાય આવા સાહિત્યમાંથી મળી રહે છે.

ઓકટોબર '૮૬ નવચેતન

---

હે આત્મન્ ! અનંતાનંત પુણ્યોદયે જ જેની પ્રાપ્તિ થાય એવા શ્રી જિનધર્મની આરાધનામાં તું અત્યારે જો પ્રમાદ-વિષયસુખ અને નિદ્રાના કારણે આળસ કરે છે તો નિશ્ચે તું સંસારરૂપ અંધારીયા કૂવામાં પડીશ કે જ્યાંથી ત્હારો પુનઃ ઉદ્ધાર થવો મુશ્કેલ છે. એટલું જ નહિ પણ અનંત કાળ પર્યંત આમેય દુઃખો જ સહન કરવા પડશે. માટે હજુ પણ ! સાવધાન થઇ ધર્મ આરાધના કર !!! "વૈરાગ્ય ઝરણા"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash ] [Regd. No. G. B. V. 31

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧-૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦-૦૦ |
| " " ભાગ-૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૫-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only